# વડોદરા મહાનગરપાલિકા

## સીધી ભરતી માટેની સુધારા જાહેરાત

**(જાહેરાત ક્રમાંક: ૧૦૩૦/૨૦૧૭-૧૮ સંદર્ભે સુધારા જાહેરાત ક્રમાંક: ૧૨૬/૨૦૧૯-૨૦ )**

| Sr.no | Name of Post | Category |
|---|---|---|
| 1 | Staff Nurse | EWS - 04 |

1. **Educational Qualification & Experience:**
   1. Must have a Degree of Basic B.sc (Nursing from an institution recognized by the Indian Nursing Council.)

      **OR**

      Must have a Diploma in General Nursing and Midwifery obtained from an institution recognized by the Indian Nursing Council/Gujarat Nursing Council or Equivalent Qualification recognized by Government of Gujarat.

      **OR**

      10 years experience as Auxiliary Midwife or Female Health Worker in Government or Panchayat with above Qualification.
   2. Basic Knowledge of computer as per GCSR (General) Rules, 1967.
   3. Knowledge of Gujarati and/or Hindi.

2. **Pay Scale:**
   1. પાંચ વર્ષ માટે રૂ.૧૯૯૫૦/- માસિક ફિક્સ વેતન
   2. સાતમાં પગારપંચ મુજબ ( પે મેટ્રીક્સ ૧૯૯૦૦-૬૩૨૦૦)
   3. સરકારશ્રીના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંકઃખરચ/૨૦૦૨/૫૭ઝ-૧, તા.૧૬-૦૨-૦૬ અન્વયે માસિક ફિક્સ વેતનથી પાંચ વર્ષ સુધી અજમાયશી નિમણુંકને પાત્ર થશે. ત્યારબાદ કામગીરી સંતોષકારક રીતે પૂર્ણ કર્યેથી સાતમાં પગારપંચ મુજબ નિયત પે મેટ્રીક્સ ૧૯૯૦૦-૬૩૨૦૦ થી નિયમોનુસાર સમાવવા અંગે વિચારણા કરવામાં આવશે.

3. **Age:** Not More than 40 years.

# <u>જાહેરાતની સામાન્ય જોગવાઈઓઃ</u>

1. **અગાઉ પ્રસિધ્ધ કરેલ મૂળ જાહેરાતમાં અરજી કરેલ અનામત તેમજ બિન–અનામત કેટેગરીના ઉમેદવારોએ ફરીથી અરજી કરવાની રહેશે નહિ. પરંતુ** બિન–અનામત કેટેગરીના જે ઉમેદવારોનો આર્થિક રીતે નબળા વર્ગો (**EWS**) કેટેગરીમાં સમાવેશ થતો હોય તેવા ઉમેદવારોએ પોતાની ફક્ત કેટેગરી બદલવાની રહેશે. તેઓએ ફરીથી અરજી કરવાની રહેશે નહિ.
2. **સદર સુધારા જાહેરાત અન્વયે સામાજીક ન્યાય અધિકારીતા વિભાગના તા.૨૩/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક :ઇડબલ્યુએસ /૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ, હેઠળ નિયત કરવામાં આવેલ જોગવાઇ સંતોષતા હોય તેવા નાગરિકો /વ્યકિતઓનો આર્થિક રીતે નબાળા વર્ગો (EWS)માં સમાવેશ થયેલ ઉમેદવારો જ અરજી કરી શકશે.**
3. અગાઉ પ્રસિધ્ધ કરેલ મૂળ જાહેરાતમાં અરજી કરેલ બિન–અનામત કેટેગરીના ઉમેદવારો જો પોતાની (UR) કેટેગરી માંથી EWS કેટેગરીમાં જવા માંગતા હોઇ તેવા ઉમેદવારોએ ફરીથી અરજી કરવાની રહેશે નહિ. તેવા ઉમેદવારોએ VMC ની વેબ–સાઇટ પર Recruitment માં જઇ આપેલ link પર click કરી અગાઉ નો Application No & Date of Birth નાખવાની રહેશે. ત્યારબાદ EWS કેટેગરી Select કરવાની રહેશે. હવેથી તેઓની મૂળ અરજી બિન–અનામત ના બદલે EWS કેટેગરી ની ગણાશે. **સદર ઉમેદવારોએ ફી ભરવાની રહેશે નહિ તથા અગાઉ ભરેલ ફી કોઇપણ સંજોગોમાં પરત મળવાપાત્ર રહેશે નહિ.**
4. ઉપલી વયમયાર્દા માટે અગાઉ પ્રસિધ્ધ કરેલ મૂળ જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ (૨૦–૦૪–૨૦૧૮) ધ્યાને લેવામાં આવશે. જ્યારે શૈક્ષિણક લાયકાત અને અનભુવ માટે સુધારેલ જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ **(૧૫–૦૬–૨૦૧૯)** ધ્યાને લેવામાં આવશે.
5. ઉપર જણાવેલ જગ્યા માટે ઉમેદવારી કરતાં પહેલાં ઉમેદવારે પોતે જરૂરી પાત્રતા ધરાવે છે કે નહીં તેની ખાત્રી કરવી.
6. આર્થિક રીતે નબળા વર્ગો માટે સેવા/જગ્યાઓ પર નિમણૂંકોમાં ૧૦% જગ્યાઓ અનામતની જોગવાઇ અન્વયે ગુજરાત સરકારે તા: ૧૪–૦૧–૨૦૧૯ ના રોજ જે ભરતી પ્રસંગોમાં ભરતી પ્રક્રિયાના કોઇપણ તબક્કાની કાર્યવાહી શરૂ ના થઇ હોય તેવી તમામ જાહેરાતોમાં ૧૦% આર્થિક અનામત લાગુ કરવાનો નિર્ણય કર્યો છે જેથી વડોદરા મહાનગરપાલિકા દ્વારા અગાઉ પ્રસિધ્ધ કરેલ ભરતી જાહેરાતો પૈકી જા.ક્ર પી.આર.ઓ.નં.1030/2017-18 સંદર્ભે તા.06/06/2019 (11:00 કલાક) થી તા.15/06/2019 (23:59 કલાક) સુધી સુધારેલ જાહેરાત અન્વયે માત્ર અને માત્ર આર્થિક રીતે નબળા વર્ગો(EWS) ના

ઉમેદવારો માટે Online અરજી કરવા Reopen કરવામાં આવે છે. ઉમેદવારોએ www.vmc.gov.in વેબસાઇટ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે. ઓનલાઇન અરજી કરતાં પહેલા ભરતીને લગતી માહિતી તેમજ સુચનાઓ વાંચી લેવાની રહેશે.

7. **અનામતઃ** અનામત જગ્યાઓ માટે ફક્ત મૂળ ગુજરાતના આર્થિક રીતે નબળા વર્ગો(EWS) ના ઉમેદવારોને જ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે આ અંગે ગુજરાત રાજયના સક્ષમ અધિકારીશ્રી દ્વારા ઇશ્યુ કરાયેલ જાતિ અંગેનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.

8. **વયમર્યાદાઃ** વયમર્યાદા માટે અગાઉ પ્રસિધ્ધ કરેલ મૂળ જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ (૨૦-૦૪-૧૮) ધ્યાને લેવામાં આવશે.

9. **વયમર્યાદામાં છુટછાટઃ**

એ. ગુજરાત સરકારશ્રી દ્વારા માન્ય કરેલ હોય તેવા આર્થિક રીતે નબળા વર્ગો(EWS) ઉમેદવારોના કિસ્સામાં ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર છુટછાટ આપવામાં આવશે.

બી. આર્થિક રીતે નબળા વર્ગો(EWS) અનામત વર્ગના મહિલા ઉમેદવારને પ્રવર્તમાન નિયમોનુસાર ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર રહેશે. પરંતુ બધી જ મળવાપાત્ર છુટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે.

સી. વડોદરા મહાનગરપાલિકાના કર્મચારીને ઉપલી વય મર્યાદામાં ઉંમરનો બાધ રહેશે નહી. તેઓએ પણ ઓનલાઇન અરજી કરવાની રહેશે.

10. આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રઃઈડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમૂના (અંગ્રેજીમાં Annexure KH અથવા ગુજરાતીમાં પિરિશિષ્ટ-ગ) મુજબનું પ્રમાણપત્ર પ્રત્યક્ષ ચકાસણી વખતે રજુ કરવાનું રહેશે.

11. ગુજરાત સરકારના સરકારી/અર્ધ-સરકારી/સરકાર હસ્તકના કોર્પોરેશન/કંપનીઓમાં સેવા બજાવતાં અધિકારી/કર્મચારીઓએ પણ ઓનલાઇન અરજી કરવાની રહેશે. તેમજ પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી વખતે ઉમેદવારે સક્ષમ અધિકારીનું ના-વાંધા પ્રમાણપત્ર જ રજુ કરવાનું રહેશે.

12. ઉમેદવારે નિયત અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ કચેરી દ્વારા માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે અન્યથા અરજીપત્રક જે તે તબકકે રદ ગણવામાં આવશે.

13. પી.આર.ઓ નં.૧૦૩૦/૧૭-૧૮ અન્વયે જે ઉમેદવારોએ બિન-અનામત કેટેગરીમાં અરજી કરેલ હતી અને આ સુધારા જાહેરાત દ્વારા બિન-અનામત ને બદલે આર્થિક રીતે નબળા વર્ગો(EWS) અનામત વર્ગ ની કેટેગરી પસંદ કરેલ છે આથી તેવા ઉમેદવારોની બિન-અનામત કેટેગરીની ઉમેદવારી રદ ગણાશે. અને તેઓની હવે પછી EWS કેટેગરી સદર ભરતી પ્રક્રિયાના અંતિમ તબક્કા સુધી આખરી ગણાશે. વડોદરા મહાનગરપાલિકા માં સદર ભરતીમાં ભવિષ્યમાં થનાર /લેખિત પરીક્ષા/ પ્રેકટીકલ / શારીરિક ક્ષમતા કસોટી/ મૌખિક ઇન્ટરવ્યુ/ સ્કીલ ટેસ્ટ કે અન્ય પ્રસંગો દરમ્યાન (EWS) કેટેગરીમાં જ ઉમેદવારી ગણાશે. ઉમેદવારે અરજીમાં દર્શાવેલ કેટેગરીમાં પાછળથી કેટેગરી બદલવાની રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

14. ઉમેદવારે સરકાર માન્ય સંસ્થામાંથી જગ્યાને અનુરૂપ **CCC** લેવલનો કોમ્પ્યુટર કોર્ષ અવશ્ય પાસ કરેલ હોવો જોઇએ અથવા નિમણુંક થયા તારીખથી ૦૬ માસ સુધીમાં સદર કોર્ષ પાસ કરવાનો રહેશે.

15. **અરજી ફી સ્વીકારવા/જમા કરાવવા અંગેઃ**

એ. આર્થિક રીતે નબળા વર્ગો(EWS) કક્ષાના ઉમેદવારોએ અરજી ફી પેટે રૂ.**૧૦૦/-** ઓનલાઇન જ ભરવાના રહેશે.

બી. ઉમેદવાર જયારે VMC વેબસાઇટ પર પોતાની અરજી સબમીટ કર્યા બાદ, તેઓને અરજી ફી ઓનલાઇન ભરવાની રહેશે. ફી ની રકમ ફકત ઓનલાઇન જ ક્રેડીટ/ડેબિટ/નેટ બેંકિગ દ્વારા ભરવાની રહેશે. ફી ભર્યા અંગેના ચલણની નકલ મેળવી ઉમેદવારે સાચવી રાખવાની રહેશે, અને પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી/લેખિત/મૌખિક કસોટી સમયે કોલલેટર સાથે અચૂક લાવવાની રહેશે.

સી. જો ઉમેદવાર ફી ભર્યાની નકલ તથા એપ્લીકેશન ફોર્મ સાથે નહી લાવે તો તેવા ઉમેદવારોને પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી/લેખિત/મૌખિક કસોટી માં પ્રવેશ આપવામાં આવશે નહી.

ડી. અન્ય કોઇ રીતે ફી સ્વીકારવામાં આવશે નહી.

ઈ. **ઓનલાઇન ફી ભરવાની છેલ્લી તારીખ ૧૫-૦૬-૨૦૧૯ રહેશે.**

એફ. તમે લાયકાત ધરાવો છો કે કેમ ? તેની ખાતરી કર્યા બાદ જ અરજી ફોર્મ તથા ફી ભરવી. લાયકાત ન ધરાવતા હોવા છતાં ફી ભરેલ હોઇ તેવી અરજી રદ ગણાશે. અરજી ફી ભર્યા બાદ કોઇ પણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી.

16. ભરતી પ્રક્રિયા દરમ્યાન જો કોઇ ઉમેદવાર દ્વારા સીધી અથવા આડકતરી રીતે રાજકીય કે અન્ય કોઇ રીતે ભલામણના પ્રયાસ કરનાર ઉમેદવાર ગેરલાયક ઠરશે.

17. ઉમેદવારે અરજી પત્રકમાં કોઇ પણ વિગત ખોટી બતાવેલ હશે અને તે ધ્યાનમાં આવશે તો તેનું અરજીપત્રક/નિમણુંક કોઇ પણ તબક્કે રદ કરવામાં આવશે.

18. આ જાહેરાત અન્વયેની ભરતી અંગે લેખિત પરીક્ષા/પ્રેક્ટીકલ / શારીરિક ક્ષમતા કસોટી/ મૌખિક ઇન્ટરવ્યુ બાબતે વડોદરા મહાનગરપાલિકાના સક્ષમ અધિકારીશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવશે.

19. પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી/લેખિત પરીક્ષા/ પ્રેક્ટીકલ / શારીરિક ક્ષમતા કસોટી/ મૈખિક ઇન્ટરવ્યુ માટે બોલાવવામાં આવતા ઉમેદવારોને કોઇપણ જાતનું મુસાફરી ભથ્થુ મળવાને પાત્ર થશે નહીં.

20. આ જાહેરાત કોઇ પણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સંપૂર્ણ હક/અધિકાર મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા ને રહેશે. અને આ માટે કોઇ કારણ આપવા બંધાયેલ રહેશે નહીં.

21. ઉમેદવારને ઓનલાઇન અરજી કર્યા બાદ જાહેરાત સંબંધી અન્ય કોઇ સુચના માટે **www.vmc.gov.in** વેબસાઇટ સતત જોતા રહેવા અનુરોધ છે.

22. ઉક્ત તમામ જગ્યાઓના મહેકમ ખર્ચની નાણાકીય જોગવાઇ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા થનાર છે તથા તે અનુસાર રાજ્ય સરકારશ્રીને જરૂર જણાય તો ઉક્ત મહેકમને રાજ્ય સરકારમાં પ્રતિનિયુક્તિ પર લઇ શકશે. પ્રતિનિયુક્તિ પર આવેલ મહેકમને સરકાર રાજ્યના કોઇપણ સ્થળે ફરજ બજાવવા મૂકી શકશે. એટલેકે સદર તમામ જગ્યાઓ બદલીને પાત્ર છે તથા સરકારશ્રીને જરૂર જણાયે રાજયના કોઇપણ સ્થળે ફરજ બજાવવા મુકી શકાશે/બદલી શકાશે.

23. વડોદરા મહાનગરપાલિકાના કે અન્ય સરકારી/અર્ધ સરકારી સંસ્થામાં ફરજ બજાવતાં ઉમેદરવારો જો ઉક્ત જગ્યાએ પસંદગી પામશે તો તેઓએ મુળ જગ્યાએથી રાજીનામું મંજુર કરાવ્યા બાદ જ નિમણુંકની જગ્યાએ હાજર થવાનું રહેશે તેમજ તેઓની અગાઉની બજાવેલ ફરજને સમયગાળો નિયમબધ્ધ કરી શકાશે નહીં/ગણતરીમાં લેવામાં આવશે નહીં.

24. ઉક્ત તમામ જગ્યાઓની મંજુરી રાજ્ય સરકારશ્રી દ્વારા નાંણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવેલ છે. ત્યારબાદ જગ્યાઓની મુદત વખતોવખતની રાજ્ય સરકારશ્રીની મંજુરીને આધિન રહેશે. સદર બાબતે વડોદરા મહાનગરપાલિકાની જવાબદારી નક્કી થશે નહીં.

25. સરકારી/અર્ધ સરકારી સંસ્થામાં ફરજ બજાવતાં ઉમેદવારોએ ખાતાના વડા/વિભાગ દ્વારા તેઓની છેલ્લા પાંચ વર્ષની કામગીરીનો તથા વર્તણુંક અંગેનો અહેવાલ, કોઇ શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલ હોય તો તેની વિગત રજુ કરવાનું રહેશે.

**તા. ૨૧ –૦૫–૨૦૧૯.**

**મ્યુનિ.કમિશ્નર**
**વડોદરા મહાનગરપાલિકા**

# વડોદરા મહાનગરપાલિકા

**www.vmc.gov.in**

## ભરતી અંગેની સુધારા જાહેરાત

વડોદરા મહાનગરપાલિકામાં પીઆરઓ નં.૧૦૩૦/૧૭–૧૮ અંતર્ગત આરોગ્ય શાખાની વિવિધ જગ્યાઓ ભરવા માટે જાહેરાત આપવામાં આવેલ. સદર પ્રસિધ્ધ કરેલ જાહેરાતમાં ભરવાપાત્ર જે તે કેટેગરીની જગ્યાઓ પૈકી માત્ર બિન–અનામતની કેટેગરીમાં ફેરફાર સહ સુધારો કરવામાં આવે છે. જે મુજબ ફક્ત બિન–અનામતની કેટેગરી માટે તથા **આર્થિક રીતે નબળા વર્ગ**(EWS)અનામત કેટેગરીમાં નીચે જણાવેલ જગ્યાઓ માટે હવેથી નીચે મુજબની પરિસ્થિતિ ગણવાની રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | | બિન–અનામત જગ્યાઓ | અનામત જગ્યાઓ | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | U-PHC | U-CHC | | EWS | SC | ST | SEBC |
| ૧ | મેડીકલ ઓફીસર | ૭ | ૧૬ | ૧૧ | ૨ | ૧ | ૩ | ૬ |
| ૨ | લેબ. ટેકનીશીયન | ૨૨ | – | ૧૧ | ૨ | ૧ | ૩ | ૫ |
| ૩ | ફાર્માસીસ્ટ | ૧૪ | – | ૮ | ૧ | – | ૨ | ૩ |
| ૪ | ફિમેલ હેલ્થ વર્કર | ૧૦૫ | – | ૪૫ | ૧૦ | ૭ | ૧૫ | ૨૮ |
| ૫ | મલ્ટી પરપઝ હેલ્થ વર્કર | ૨૨ | – | ૧૧ | ૨ | ૧ | ૩ | ૫ |
| ૬ | સ્ટાફ નર્સ | – | ૪૮ | ૨૨ | ૪ | ૩ | ૭ | ૧૨ |

**સુચના:–**

**(૧) અગાઉ પ્રસિધ્ધ કરેલ મૂળ જાહેરાતમાં અરજી કરેલ અનામત (SC, ST, OBC) કેટેગરી ના તેમજ બિન–અનામત (UR) ઉમેદવારોએ ફરીથી અરજી કરવાની રહેશે નહિ.**

**(૨)** અગાઉ પ્રસિધ્ધ કરેલ મૂળ જાહેરાતમાં અરજી કરેલ બિન–અનામત કેટેગરીના ઉમેદવારો જો પોતાની (UR) કેટેગરી માંથી આર્થિક રીતે નબળા વર્ગ (EWS) કેટેગરીમાં જવા માંગતા હોઇ તેવા ઉમેદવારોએ ફરીથી અરજી કરવાની રહેશે નહિ. તેવા ઉમેદવારોએ VMC ની વેબ–સાઇટ પર Recruitment માં જઇ આપેલ link પર click કરી અગાઉ નો Application No & Date of Birth નાખવાની રહેશે. ત્યારબાદ EWS કેટેગરી Select કરવાની રહેશે. હવેથી તેઓની મૂળ અરજી બિન–અનામતના બદલે EWS કેટેગરીની ગણાશે. સદર ઉમેદવારોએ ફી ભરવાની રહેશે નહિ.

**(૩) સદર સુધારા જાહેરાત અન્વયે સામાજીક ન્યાય અધિકારીતા વિભાગના તા.૨૩/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક :ઇડબલ્યુએસ /૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ, હેઠળ નિયત કરવામાં આવેલ જોગવાઇ સંતોષતા હોય તેવા, આર્થિક રીતે નબાળા વર્ગો (EWS)માં સમાવેશ થયેલ નાગરિકો /વ્યકિતઓ જ અરજી કરી શકશે.**

**(૪)** આર્થિક રીતે નબળા વર્ગ (EWS) કેટેગરીના ઉમેદવારો એ ડોક્યુમેન્ટ વેરીફીકેશનના તબકકે આર્થિક રીતે નબળા વર્ગ (EWS) કેટેગરી નું સરકાર માન્ય નિયત થયેલ પ્રમાણપત્ર અચૂક રજુ કરવાનું રહેશે. તેમ નહિ થયેથી ઉમેદવારી રદ થશે.

**(૫)** વડોદરા મહાનગરપાલિકા દ્વારા અગાઉ પ્રસિધ્ધ કરેલ ભરતી જાહેરાતો પૈકી જા.ક્ર પી.આર.ઓ. નં.1030/2017-18 માટે ફકત આર્થિક રીતે નબળા વર્ગ (EWS) અનામત કેટેગરી માટે તા.06/06/2019 (11:00 કલાક) થી તા.15/06/2019 (23:59 કલાક) સુધી Online અરજી કરવા સદર સુધારેલ જાહેરાત અન્વયે Reopen કરવામાં આવે છે.

**(૬)** કોઇપણ સંજોગોમાં ટપાલ કે રૂબરૂ અરજી સ્વીકારવામાં આવશે નહી. ફક્ત ઓનલાઇન જ અરજી કરવાની રહેશે.

**(૭)** ઉપલી વયમયાર્દા માટે અગાઉ પ્રસિધ્ધ કરેલ મૂળ જાહેરાતમાં અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ધ્યાને લેવામાં આવશે. જ્યારે શૈક્ષિણક લાયકાત અને અનભુવ માટે સુધારેલ જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ધ્યાને લેવામાં આવશે.

**(૮) ફકત નવિન અરજી કરનાર આર્થિક રીતે નબળા વર્ગ (EWS) અનામત કેટેગરીના ઉમેદવારે નિયત થયેલ ફી તા. 15-06-2019 સુધીમાં ઓનલાઇન ભરપાઇ કરવાની રહેશે. ફી વગરની અરજીઓ આપોઆપ નામંજુર ગણવામાં આવશે.**

**નોંધ:–** આ સુધારા જાહેરાતમાં જણાવ્યા સિવાયની બધી જ જોગવાઇઓ પ્રસિધ્ધ થયેલ જાહેરાત ક્રમાંક : ૧૦૩૦/૨૦૧૭–૧૮ મુજબ યથાવત રહેશે. વધુ વિગતો તથા અન્ય શરતો વડોદરા મહાનગરપાલિકાની વેબસાઇટ www.vmc.gov.in ઉપર જોવા વિનંતી છે.

**પી.આર.ઓ.નંબર. ૧૨૬/૧૯–૨૦** **મ્યુનિસિપલ કમિશનર**